હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીનું પાક્ષિક વૃત્તપત્ર

Ë¤„ yf : 687, ðt : 30
yf : 8 yr«÷-16, 2017

# ઉદીચ્ય

HNGU
HEMCHANDRACHARYA
NORTH GUJARAT
UNIVERSITY, PATAN

Re-Accredited "A" 3.02 CGPA by NAAC

સૌજન્ય : શ્રી સિદ્ધહેમ પ્રકાશન નિધિ : શ્રી ભોગીલાલ લહેરચંદ કૌટુંબિક ટ્રસ્ટ તથા શ્રી પાટણ જૈનમંડળ, મુંબઈ

ખરી સંસ્થા તો એક વૃક્ષ સમાન છે. તેની ઉત્પત્તિ એક બીમાંથી થાય છે. એકદમ ઝાડનું ઝાડ લાવી રોપી શકાતું નથી. એકદમ ઊભી થયેલી જડ સંસ્થા ટકે પણ કેટલીવાર ? કૃત્રિમ ઉપાયોથી પ્રયત્ન કરીને થોડોઘણો વખત તેને તાજી રાખી શકાય પણ આખરે તે કરમાય જ. જ્યારે ખરા બીજમાંથી ઊગેલી સંસ્થા શરૂઆતમાં નિર્માલ્ય જણાય પણ ક્રમે ક્રમે તેનો વિકાસ થતો જાય. મૂળ ઊંડાં થતાં જાય અને અંતે તેમાંથી એક મહાન વૃક્ષ બની રહે. આ વૃક્ષનાં મૂળ ઊંડાં ગયાં હોય એટલે તેના પોષણ માટે ઝાઝી ચિંતા રાખવી ન પડે. પાતાળમાંથી પણ તે તેનાં મૂળ વાટે રસ પીએ અને ફળફૂલથી જનસમાજને અધિકાધિક આનંદ અને સુખ આપ્યે જાય.

**મોહનલાલ પટેલ લિખિત 'પ્રજ્ઞાદીપ છગનભા'**

## આદિવચન

**પ્રિય વાચક મિત્રો,**

ગુજરાતમાં ગાયકવાડી શાસનનું વડોદરા રાજ્ય. વિદ્યાવ્યાસંગી, પ્રજાવત્સલ મહારાજા સયાજીરાવ ગાયકવાડ ત્રીજા તેના રાજા. જેમાં અનેક પ્રાંતો પૈકીનો એક પ્રાંત એટલે કડી પ્રાંત. આમ કડી એટલે ગાયકવાડી શાસનમાં પ્રાંતનો દરજ્જો ધરાવતી નગરી. એટલે સ્વાભાવિક જ તેનો દબદબો ભારે. પણ આ હોવા છતાંય તેને ગુરુશિખર સર કરવામાં કંઈક ખૂટતું હતું અને એ હતું તેનું રૂઢિચુસ્ત સમાજ જીવન. સમગ્ર પ્રાંતમાં મોટાભાગની વસ્તી પટેલો-પાટીદારોની. જે પ્રાયઃ અંધશ્રધ્ધા, કુરિવાજો, નિરક્ષરતા, સંકીર્ણતા, રૂઢિવાદી વિચારસરણી અને વધુ પડતા સામાજિક બંધનોથી ગ્રસ્ત.

આ પાટીદારોનાં આરાધ્ય કુળદેવી એટલે માઁ ઉમિયા. જેના દ્વાર દર બાર વર્ષે ખૂલે. સમાજમાં એક રિવાજ પ્રચલિત હતો કે જ્યારે મા ઉમિયાના દ્વાર ખૂલે તે જ દિવસે લગ્ન ગોઠવાય. આથી જો કોઈ રહી જાય તો બીજા બાર વર્ષ પ્રતિક્ષા કરવાની થાય. પરિણામે બાળલગ્નો થાય. પણ જો આ સમયગાળામાં કન્યા માટે યોગ્ય વર ન મળે તો શું? આ પ્રશ્નના ઉકેલ રૂપે કન્યાને ફૂલના દડાની સાથે પરણાવી દેવાની અને પછી ફુલના દડાને કુવામાં પધરાવી દેવાનો. આથી કન્યા વિધવા બની કહેવાય પછી યોગ્ય વર શોધી તેને બીજે વળાવવાની. કન્યા ઋતુમતી થતાની સાથે જ તેને આણાંયોગ ગણવામાં આવતી. જેના કારણે માનસિક-શારીરિક પુખ્તતા કેળવાય તે પૂર્વે જ માતૃત્વ ધારણ કરતી પરિણામે પ્રસૂતા સ્ત્રીઓ અને નવજાત બાળકોનું મૃત્યુ પ્રમાણ ખૂબ જ હતું. પ્રત્યેક પેઢીએ ૩૨,૦૦,૦૦૦ પ્રસૂતાના મૃત્યુ અને પ્રતિ વર્ષે ૨૦,૦૦,૦૦૦ બાળ મરણના સાક્ષી બનવાનું બનતું. આ ગંભીર પરિણામો હોવા છતાંય કરુણતા તો એ હતી કે સમાજ બાળલગ્નોમાં હોંશેહોંશે જોડાતો. **ગાયકવાડ સરકારે બાળલગ્ન પ્રતિબંધ મૂકતા વરઘડિયાં દીઠ રૂપિયા બે નો દંડ કર્યો હતો. નિયતતિથિએ કડી પ્રાંતમાંથી જ રૂપિયા બે લાખ દંડ પેટે ભરવામાં આવ્યા હતા.** બીજી એક પ્રથા હતી તે હતી મરણ પાછળ બારમાના દિવસે જ્ઞાતિભોજનની. સાધનસંપન્ન પરિવાર માટે તેને કદાચ યોગ્ય ગણવામાં આવે તો પણ તે ફરજિયાત સામાજિક વ્યવહાર તરીકે લાદવામાં આવતા નબળી આર્થિક પરિસ્થિતિ ધરાવતા પરિવારોને વ્યવહાર સાચવવા રોજિરોટીના આધારસમા ખેતરો વેચવા પડતા. આ બધા પ્રશ્નોની પીડા કોઈના હૃદયને કોરી ખાતી હતી. પોતાના સમાજનું ઉત્થાન કેમ કરવું તેની ચિંતા અને ચિંતનમાં મગ્ન હતા કોઈ ઓલિયા અને તે હતા યુગદૃષ્ટા છગનભા.

આ છગનભાનો જન્મ કબીર પંથના અનુયાયી પીતાંબરદાર ઝવેરદાસ પટેલના ત્યાં આસો વદ અમાસ સંવત ૧૯૧૯માં સરઢવ મુકામે થયો.

**કબીર દર્શન સાધુ કે, બડે ભાગ દરશાય,**
**લેખેમેં વોહી ઘડી, બાકી કે દીન બાદ.**

આ કબીર પંથમાં સાધુ-સંત અને સત્‌સંગનો વિશેષ મહિમા જેથી ઈશ્વરપરાયણતા, શાસ્ત્રશ્રવણ, સાધુ-સંતોની સેવા-સુશ્રુષાના ગુણો સ્વાભાવિક જ આત્મસાત થયા હતા. સંવત ૧૯૨૫માં પરિવાર ધંધાર્થે અમદાવાદમાં જઈને વસ્યો. **ભક્તિમય સંસ્કાર વારસો ધરાવતા છગનભાને પિતાજીએ આઠ વર્ષની ઉંમરે જ ગજીયાણી અને કિનખાબના વણાટનો ધંધો શીખવા મૂક્યા.** સત્સંગનો પ્રભાવ જીવનમાં પૂર્ણ પણે વણાઈ ગયો હતો. સત્સંગમાં સાંભળેલા શાસ્ત્રો-ગ્રંથોમાં ઊંડા ઉતરવા મન અધિરુ બન્યું હતું. પણ અક્ષરજ્ઞાનનો અભાવ તેમાં અડચણરૂપ હતો. **આથી ૧૮ વર્ષની ઉંમરે લુણસાવાડામાં ખૂંધા મહેતાની પાઠશાળામાં ભણવા બેઠા. માત્ર દશ મહિનાના ગાળામાં ચાર ધોરણ સુધીનો અભ્યાસ પૂરો કર્યો.** શિક્ષણ મેળવ્યા બાદ માણેકચોકમાં ચિમનલાલ સ્વામીનારાયણની શરાફી પેઢીમાં નોકરીએ જોડાયા. સાથે સાથે વેદાંતના શાસ્ત્રો પંચીકરણ, વિચારસાગર, વૃત્તિપ્રભાકર, યોગવાસિષ્ઠ, બ્રહ્મસૂત્રનો ગહન અભ્યાસ કર્યો. અદ્વૈત સિદ્ધાંતના ઉપાસક બની વૃત્તિને અખંડ બ્રહ્માકાર બનાવી 'શિવોડહમ્‌', 'અહમ્‌ બ્રહ્માસ્મિ'માં રમમાણ કરવા લાગ્યા. સાધુ-સંતોના જીવનચરિત્રોના વાંચન પ્રત્યેના વિશેષ ખેંચાણને કારણે અષ્ટાવક્ર, શિખ ધર્મના પ્રવર્તક ગુરુનાનક, ગુરુગોવિંદસિંહ અને જૉન ઓફ આર્ક, અબ્રાહમ લિંકન, બુકર ટી વૉશિંગ્ટન વગેરે મહાપુરુષોના જીવનચરિત્રો વાંચ્યા. આ બધા વાંચનની ફળશ્રુતિરૂપ તેઓ એ નિષ્કર્ષ ઉપર આવ્યા કે **'કર ભલા તો હોગા ભલા'**. આ તેમનો જીવનમંત્ર બની રહ્યો. એકબાજુ અજ્ઞાનના અંધકારમાં અટવાતી પોતાની જ્ઞાતિના ઉત્કર્ષનું ઉત્તરદાયિત્વ અને બીજી બાજુ આત્મકલ્યાણ અર્થે મોક્ષની સાધનામાં રત તેમનું મન તેમને સન્યસ્ત જીવનના પથિક બનવા ખેંચાણ કરતું હતું. અંતે આ દ્વંદમાં સન્યસ્તજીવનનું પલ્લું ભારે થયું અને કાશીના માર્ગે પ્રયાણ કર્યું. સ્વામી કેશવાનંદનું શિષ્યત્વ સ્વીકાર્યું. શિષ્ય એ સન્યાસની દીક્ષા ગ્રહણ કરવાનો પ્રસ્તાવ મૂક્યો ત્યારે ગુરુએ આજ્ઞા કરી આપના

સમાજમાં વ્યાપ્ત અજ્ઞાન, અંધકારને દૂર કરો, એમનું કલ્યાણ કરો. આજ તમારી સેવા, ભક્તિ અને મોક્ષ છે. **પૂજ્ય ગુરુદેવે અંતરના અઢળક આશીર્વાદ અને રૂપિયા પાંચની દક્ષિણા આપી કેળવણીનો ભેખ ધરવાની આજ્ઞા આપી.** ગુરુઆજ્ઞાને શિરોધાર્ય કરી કડીને કેન્દ્ર બનાવી શિક્ષણ-સેવાની ધુણી ધખાવી. સમાજમાં શિક્ષણ પ્રત્યે સભાનતાનો સદંતર અભાવ તો ખરો પણ એથી એ વધુ તો શિક્ષણથી કોનું ભલુ થવાયું? આવી માનસિકતા સમાજમાં ઘર કરી ગયેલી. આમ પંથઘણો વિકટ હતો છતાં તીવ્ર ઇચ્છા શક્તિ, હૈયામાં હામ અને ગુરુદેવના આશીર્વાદથી સવંત ૧૯૭૬માં ચૈત્ર સુદ બીજને સોમવારે કડી મુકામે ભાડાના મકાનમાં આશ્રમની (છાત્રાલયની) સ્થાપના કરી એ દિવસે ભંડોળ હતું રૂપિયા ૮૫ અને વિદ્યાર્થીઓની સંખ્યા માત્ર સાતની હતી. **ફંડ એકત્ર કરવા માટે ગામડે ગામડે ફરી વળ્યા. વાહનની સગવડ નહી આથી પગપાળા જ. અનાજ, રોકડ રકમ, ફળફળાદી અને સુકા લાકડા પણ દાનમાં સ્વીકાર્યા.** આશ્રમનું નામ 'કડવા પાટીદાર વિદ્યાર્થી આશ્રમ' અને તેના વહીવટ માટે 'કડવા પાટીદાર કેળવણી મંડળ'ની સ્થાપના કરી.

સંસ્થાના પાયામાં ત્યાગ, સેવા, નિષ્ઠાની ભાવના હતી. રાષ્ટ્રીયતા રગેરગમાં વ્યાપ્ત હતી. કેળવણીના માધ્યમથી સમાજ જાગૃતિ-ઉત્થાનનું કાર્ય વેગવંતુ બન્યું હતું જેના પરિણામો જોકે ખૂબ લાંબાગાળે પ્રાપ્ત થવાના હતા છતાંય તે નક્કર થવાના હતા. છાત્રાલયની સુવાસ કડી પ્રાંત પૂરતી મર્યાદિત ન રહેતાં સમગ્ર રાજ્યમાં પ્રસરી ચૂકી હતી. મહારાજા સયાજીરાવ ગાયકવાડે સને ૪-૧-૧૯૨૬ની તારીખ મુલાકાત માટે નિર્ધારીત કરી પણ વડોદરા રાજ્યમાં એક પ્રથા હતી કે જ્યાં પણ મહારાજા જાય ત્યાં For God, King and Country ના નામે વફાદારીના સોગંધ લેવા પડે. અહીં King નો અર્થ બ્રિટનના મહારાજાના અર્થમાં અભિપ્રેત હતો. ભારતમાં અંગ્રેજોનો વહીવટ બ્રિટિશ તાજના નામે ચાલતો હતો. આથી Kingની વફાદારી એટલે સીધેસીધી અંગ્રેજોની તાબેદારી. રાષ્ટ્રીયતાના રંગમાં રંગાયેલી સંસ્થાને આ મંજૂર ન હતું. આથી સંસ્થાને બંડખોર સાબિત કરવામાં આવી અને મુલાકાત રદ કરવામાં આવી. પરંતુ બીજા દિવસે સવારે મહારાજાએ ડ્રિલ કવાયતમાં સજ્જ વિદ્યાર્થીઓ નિહાળ્યા અને મહારાજા ઓચિંતા સંસ્થામાં આવી પહોંચ્યા. તેમણે સંસ્થાની ઝીણામાં ઝીણી બાબતોની ચકાસણી કરી પણ ક્યાંય બંડખોર સાહિત્ય કે આ પ્રકારની પ્રવૃત્તિલક્ષી કામગીરી જોવા મળી નહી. આ અંગે મહારાજાએ જણાવ્યું કે ''મે બારીકાઈથી બધું જોયું. મને લાગે છે કે આને મારા અમલદારો બંડખોર કહેતા હોય તો હું ઈચ્છું છું કે આવા બંડ મારા રાજ્યમાં ગામેગામ થાય.''

પૂજ્ય મહાત્મા ગાંધીજીએ ૨૩ જુલાઈ ૧૯૨૯ના રોજ સંસ્થાની મુલાકાત લીધી હતી. સંસ્થા પાસે ત્યારે પોતાનું એક મકાન, ૧૫૦થી ઓછા વિદ્યાર્થીઓ અને આંગળીના વેઢે ગણી શકાય તેટલા શિક્ષકો પણ તેની પ્રવૃત્તિઓ તેનો પ્રાણ હતી. ગાંધીજીએ પૂરા છ કલાક ફાળવ્યા અને બે પ્રવચનો આપ્યા. આ પ્રવચનો ગાંધીજીનો અક્ષર દેહ ખંડ-૪૧માં પ્રગટ થયેલા છે. પ્રવચનના તેમના વિધાનો દૃષ્ટવ્ય છે : ''આ સંસ્થાની મુલાકાત લેવા હું એક વર્ષથી આતુર હતો. આ સંસ્થા પાછળ છગનભાઈ વગેરે વ્યક્તિઓ પોતાનું સર્વસ્વ રેડી રહ્યા છે... અહીં તમારા છોકરાને મોકલવા તૈયાર થાઓ તો તે સારી કેળવણી પામી શકે છે. અક્ષર જ્ઞાન કરતા પણ વધુ મૂલ્યવાન આચાર અને વિચારની શુદ્ધિ તેમને અહીં મળશે.''

મંડળ દ્વારા સમયાન્તરે કડી અને ગાંધીનગર ખાતે પાટીદાર વિદ્યાલય, કન્યાછાત્રાલય, અધ્યાપન મંદિર, ઓડીટોરીયમ, ટેકનિકલ વિભાગ, પ્રિવોકેશનલ ટ્રેનીંગ સેન્ટર અને વિજ્ઞાન કૉલેજ, જૂનિયર ટેકનિકલ સ્કૂલ, દાસ પુસ્તકાલય, અતિથિગૃહ, ભોજનાલય ઉપરાંત પ્રાથમિક શિક્ષણથી અનુસ્નાતક શિક્ષણ સુધીના અંગ્રેજી-ગુજરાતી માધ્યમોમાં વિવિધ વિદ્યાશાખાઓ નિર્માણ પામી. કન્યાકેળવણીને ઉત્તેજન, વિદ્યાર્થી સહાયક ફંડ, મૅનેજમેન્ટ ક્વૉટાનો ત્યાગ અને મેરિટ આધારિત પ્રવેશ, ૧૦% વિદ્યાર્થીઓને ફી લીધા સિવાય પ્રવેશ આપવો - એ.આઇ.સી.ટી. દ્વારા સૂચિત 'ફી વીવર સ્કીમ'નો અમલ, કડી સર્વ વિશ્વવિદ્યાલયના ૫% વિદ્યાર્થીઓને મૅરિટ સ્કોલરશીપ આપવાની યોજના વગેરેનું અણીશુદ્ધ પાલન સંસ્થાને મૂઠી ઊંચેરી બનાવે છે. પાટીદાર કેળવણી મંડળ પાટીદારો પૂરતુ મર્યાદિત ન રહેતા તેના દ્વાર સૌના માટે ખૂલ્લા મૂકવામાં આવ્યા. આથી મંડળનું નામ બદલીને 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ' રાખવામાં આવ્યું. ગુજરાત રાજ્યના ૨૦૦૭ના એક્ટ નં. ૨૧થી મંડળને યુનિવર્સિટીનો દરજ્જો પ્રાપ્ત થતા તેનું નામ કડી સર્વ વિશ્વ વિદ્યાલય રાખવામાં આવ્યું. જેનું વડુ મથક ગાંધીનગર છે. આ વિવિધ સંસ્થાઓ પૈકી કડી કેમ્પસ ખાતેની ઉચ્ચશૈક્ષણિક સંસ્થાઓ હેમ.ઉ.ગુ.યુનિ. સાથે સંલગ્ન હતી. આથી એક જ મંડળની સંસ્થાઓ બે યુનિવર્સિટીઓમાં વિભાજીત થતાં અનેક વહીવટીય પ્રશ્નોનો સામનો કરવાનો થતો હતો. આ પ્રશ્નોના સમાધાનરૂપ **ગુજરાતના આદરણીય નાયબ મુખ્યમંત્રીશ્રી નિતીનભાઈ પટેલના પ્રયત્નોથી કડી કેમ્પસ ખાતેની સંસ્થાઓને કડી સર્વ વિશ્વવિદ્યાલયમાં ભેળવવામાં આવી.**

પૂજ્ય છગનભાના મહાપ્રયાણ પછી થોડા વર્ષો દાસકાકા અને અન્ય મહાનુભાવોએ ધૂરા સંભાળી પણ તેણે હરણફાળ ભરી આદરણીયશ્રી માણેકલાલ સાહેબના નેતૃત્વમાં. એક સફળ ઉદ્યોગપતિએ શિક્ષણની સાધનાનો ભેખ ધર્યો. તેમની હિંમત, વહીવટીય સુઝ, મંડળ પ્રત્યેની સમર્પણ ભાવનાથી સંસ્થા વટવૃક્ષ બની ફૂલીફાલી અને તે સંસ્થાનો સુવર્ણયુગ સાબિત થયો છે. માણેકલાલ સાહેબની સંસ્થાપ્રીતિ અંગે ડૉ. કનુભાઈ પટેલ (વાઇસ પ્રેસિડેન્ટ, SVKM) જણાવે છે કે : 'વર્ષો પહેલાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળને બે કરોડ ઉપરાંત દેવું હતું... કંઈક અણધાર્યું બની જાય તો સંસ્થાનું દેવું કેવી રીતે પૂરું કરીશું ?.... જો સંસ્થા ઉપર મુસીબત આવે અને દેવું ભરવાનું આવે તો મારી (માણેકલાલ સાહેબની) મિલકતમાંથી આ દેવું પૂરું કરવું.' તેમની કર્તવ્યનિષ્ઠાના કારણે ગુજરાતમાં વિવિધક્ષેત્રોમાં શ્રેષ્ઠ પ્રદાન કરનાર ૧૦૦ અગ્રણી વ્યક્તિઓની યાદીમાં તેમનો સમાવેશ થયો છે.

પાટણના છેવાડાના વિદ્યાર્થીઓને પણ વિદગ્ધ વક્તાશ્રીઓનો લાભ મળી રહે તે હેતુથી હેમ.ઉ.ગુ.યુનિ.ને 'મોહનલાલ પટેલ ભારતીય સાહિત્ય વ્યાખ્યાનમાળા' માટે રૂપિયા પાંચ લાખનું દાન આપ્યું છે. જેમાં પદ્મશ્રી સિતાંશુ યશશ્ચંદ્ર, પદ્મશ્રી ભોળાભાઈ પટેલ, અવધેશકુમાર સિંહ, રઘુવીર ચૌધરી, વિશ્વનાથ તિવારી (પ્રેસિડેન્ટ, સાહિત્ય અકાદમી-દિલ્હી), ઈન્દ્રનાથ ચૌધુરી વગેરે લબ્ધપ્રતિષ્ઠિ વિદ્વાનોના વ્યાખ્યાનોનો લાભ મળ્યો છે. ઉલ્લેખનીય છે કે માણેકલાલ સાહેબ પ્રત્યેક વ્યાખ્યાનમાળામાં કડી અને ગાંધીનગર કેમ્પસના આચાર્યો-મિત્રો સાથે ઉપસ્થિત રહ્યા છે. આ વ્યાખ્યાનમાળા અને કડી સર્વ વિશ્વવિદ્યાલય ગાંધીનગરની વહીવટી કમિટીના એક સભ્યના નાતે પણ પૂજ્યશ્રી માણેકલાલ સાહેબ અને સંસ્થા સાથે પોતીકાપણુ અનુભવ્યું છે. યુગદૃષ્ટા છગનભા અને કર્મયોગી શ્રી માણેકલાલ સાહેબના અથાગ પ્રયત્નોથી કડી સર્વ વિશ્વવિદ્યાલય આજે સમગ્ર ગુજરાતમાં આગવી ઓળખ પ્રસ્થાપિત કરી ચૂક્યું છે. આ વિકાસયાત્રાને શ્રી વલ્લભભાઈ પટેલ આગળ ધપાવી રહ્યા છે.

કડી યુનિવર્સિટીની સ્થાપના પૂર્વેથી મારે આ સંસ્થાના બોર્ડ ઓફ ગર્વનન્સમાં આદરણીય માણેકકાકાના આગ્રહથી જોડાવાનું થયું છે. તેનો વિશેષ આનંદ છે. જૂન-૨૦૧૮માં આ સંસ્થા તેના શતાબ્દી વર્ષમાં પ્રવેશી રહી છે. તે ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી હાર્દિક શુભકામના.

**તા. ૧૬-૦૪-૨૦૧૭**
**પાટણ.**

**પ્રોફે. બી.એ. પ્રજાપતિ**
કુલપતિ

# યુનિવર્સિટી ન્યુઝ

| No. | Name of the Candidate | Title of the Thesis | Faculty & Subject | Name of the Guide |
|---|---|---|---|---|
| 1. | **CHAUDHARI SHAILESHKUMAR CHHATRASINH** | महादेवी वर्मा का गद्य साहित्य | ARTS HINDI | **DR. A.K. TADVI** SHRI. & SMT. P.K. KOTAWALA ARTS COLLEGE, PATAN. |
| 2. | **PARMAR PURVIBEN TEJASKUMAR** | STUDIES ON PREPARATION AND EVALUATION OF TOPICAL FORMULATION WITH WOUND HEALING ACTIVITY CONTAINING PLANT CONSTITUENTS | PHARMACY PHARMACEUTICAL SCIENCE | **DR. C.N. PATEL** PRINCIPAL SHRI SARVAJANIK PHARMACY COLLEGE MEHSANA. |
| 3. | **PATEL NIRAJ BHARATKUMAR** | A STUDY OF WORKING CAPITAL MANAGEMENT OF SELECTED UNITS OF STEEL INDUSTRY OF INDIA | COMMERCE ACCOUNTANCY | **DR. J.K. PATEL** PRINCIPAL SHRI V.R. PATEL COLLEGE OF COMMERCE, MEHSANA. |
| 4. | **PRAJAPATI ASHOKKUMAR GANPATLAL** | A STUDY OF CAPITAL STRUCTURE V/S. PROFITABILITY OF FERTILIZER UNITS OF GUJARAT | COMMERCE ACCOUNTANCY | **DR. J.K. PATEL** PRINCIPAL SHRI V.R. PATEL COLLEGE OF COMMERCE, MEHSANA. |
| 5. | **PATEL MEGHANA HASMUKHLAL** | STUDY OF SOIL BIODIVERSITY IN THE ERA OF CLIMATE CHANGE | SCIENCE BIOTECHNOLOGY | **DR. BEENA PATEL** ABELLON CLEAN ENGRY LTD SYDNEY HOUSE, PREMCHANA NAGAR ROAD, BODAKDEV,AHMEDABAD. |
| 6. | **THAKARAR GAURAVKUMAR SURENDRAKUMAR** | REDEFINNING EMPIRE : A STUDY OF RESISTANCE AND CO-EXISTENCE IN POSTCOLONIAL DISCOURSE WITH REFERENCE TO THE SELECTED WORKS OF CHINUA ACHEBE AND ATHOL FUGARD | ARTS ENGLISH | **DR. TAPAS CHAKRABARTI** DEPARTMENT OF ENGLISH, HEMCHANDRACHARYA NORTH GUJARAT UNIVERSITY, PATAN. |
| 7 | **SOLANKI HIRENKUMAR AMBALAL** | THE MANAGEMENT OF ACADEMIC LIBRARIES : A COMPARATIVE STUDY OF GUJARAT UNIVERSITY ACADEMIC LIBRARIES WITH REFERENCE TO H.N.G.U. ACADEMIC LIBRARIES | ARTS LIBRARY AND INFORMATION SCIENCE | **DR. M. G. PATEL** EX. ASSISTANCE LIBRARIAN HEMCHANDRACHARYA NORTH GUJARAT UNIVERSITY, PATAN. |

| No. | Name of the Candidate | Title of the Thesis | Faculty & Subject | Name of the Guide |
|---|---|---|---|---|
| 8. | SHELAK PRAVINKUMAR MANUBHAI | IMPACT OF "VANCHE GUJARAT ABHIYAAN" IN ARTS AND COMMERCE COLLEGES OF TRIBAL AREAS IN GUJARAT | ARTS<br>LIBRARY & INFORMATION SCIENCE | DR. V.L. BHAVSAR<br>LIBRARIAN<br>ANAND EDUCATION COLLEGE, ANAND. |
| 9. | SANGHANI GHANSHYAMKUMAR GOGANBHAI | DEVELOPMENT AND VALIDATION OF STABILITY– INDICATING ASSAY METHOD FOR DETERMINATION OF ANTIHYPERTENSIVE DRUGS IN BULK AND DOSAGE FORM | PHARMACY<br>PHARMACEUTICAL SCIENCE | DR. S.S. PANDYA<br>EX. DIRECTOR,<br>SHREE KRISHNA INSTITUTE OF PHARMACY BECHARAJI. |

## પ્રવેશ જાહેરાત

સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક પરચ-૧૦-૨૦૦૫-૧૫૧૯-પાર્ટ-૧ (ક) તા. ૧૮-૩-૨૦૧૬ અને તા. ૨-૪-૨૦૧૬ પત્ર અન્વયે રાજ્ય સરકારશ્રીના વર્ગ-૩ અને વર્ગ-૪ સંવર્ગના સરકારી કર્મચારીઓની બઢતી/ઉચ્ચત્તર પગાર ધોરણ/નિયમીત નિમણુંક માટે આપવાની થતી કોમ્પ્યુટર કૌશલ્યની સી.સી.સી. પરીક્ષા કેન્દ્રની માન્યતા હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણને આપવામાં આવેલ હોઇ સદર પરીક્ષા આપવા ઇચ્છુક તમામ સરકારી કર્મચારીઓ માટેની રજીસ્ટ્રેશનની પ્રોસેસ તા. ૬-૭-૨૦૧૬થી શરૂ કરવામાં આવેલ છે. પરીક્ષા અંગેની ખાસ અગત્યની બાબતો.

૧. ઓનલાઇન નોંધણીની પ્રક્રિયા સતત કાયમી ધોરણે ચાલુ રાખવામાં આવેલ છે. (૨૪ કલાક × ૭ દિવસ) જે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની સી.સી.સી. પરીક્ષા માટે પ્રથમ ખાસ નોંધનીય બાબત છે. રાજ્યની અન્ય કોઇ યુનિવર્સિટીએ નોંધણીની પ્રક્રિયા કાયમી ધોરણે ચાલુ રાખેલ નથી. સદર પરીક્ષા માટે હાલમાં કુલ ૨૦૦૦૦ કરતાં વધારે ઉમેદવારોનું ઓનલાઇન રજીસ્ટ્રેશન થયેલ છે.

૨. પરીક્ષા આપનાર કર્મચારી દ્વારા જ 'ઓનલાઇન રજીસ્ટ્રેશન પ્રોસેસ'નો આગ્રહ રાખવામાં આવેલ છે. ઓનલાઇન રજીસ્ટ્રેશન પ્રોસેસ દ્વારા જનરેટ થયેલ ફોર્મની પ્રિન્ટ કોપી સાથે જરૂરી ડોક્યુમેન્ટ તથા સંસ્થાના સહી-સિક્કા કરાવીને કર્મચારીએ યુનિવર્સિટીના હેલ્પ સેન્ટર ખાતે ફક્ત સ્પીડ પોસ્ટ દ્વારા જ મોકલાવવાનું રહેશે. કુરીયર કે અન્ય પોસ્ટથી સ્વીકારવામાં આવશે નહીં. હેલ્પ સેન્ટર ખાતે ફોર્મનું વેરીફીકેશન થયા બાદ જ પરીક્ષા નંબર ફાળવવામાં આવશે. વેરીફીકેશન થઇ પરીક્ષા નંબર ફાળવાયેલ ઉમેદવારોની પરીક્ષાની બેચ બનાવીને તા. ૧૭-૯-૨૦૧૬થી બેચવાઇઝ સી.સી.સી. ઓનલાઇન પરીક્ષા ગણિતશાસ્ત્ર વિભાગ ખાતે રાજ્ય સરકાર તથા યુનિવર્સિટીના નિતીનિયમો અનુસાર પરીક્ષા શરૂ કરવામાં આવેલ છે.

૩. રજીસ્ટ્રેશન સાથે વેરીફીકેશન પ્રોસેસ પૂર્ણ થયે કર્મચારીઓની પરીક્ષા નંબર સાથેની યાદી, પરીક્ષા હોલ ટીકીટ, પરીક્ષા કાર્યક્રમ વગેરે સૂચનાઓ યુનિવર્સિટીની વેબસાઇટ પર મૂકવામાં આવે છે અને પરીક્ષાના કાર્યક્રમ મુજબ નિયત કરેલ સમયે અને સ્થળે જ ઓનલાઇન સર્વર બેઇઝ સી.સી.સી. પરીક્ષા રાજ્ય સરકાર તથા યુનિવર્સિટીના ધારાધોરણ અનુસાર વેબ કેમેરાની નિગરાની હેઠળ પરીક્ષા લેવામાં આવે છે અને નિયમિત ધોરણે દર મહિને પરીક્ષાના પરીણામો પણ જાહેર કરવામાં આવે છે. ફેબ્રુઆરી-૨૦૧૭ સુધીમાં પરીક્ષા નંબર ફાળવાયેલ તમામ ઉમેદવારોની પરીક્ષા પૂર્ણ કરી તેના પરીણામ પણ જાહેર થઇ ગયેલ છે. હાલમાં માર્ચ-૨૦૧૭માં રજીસ્ટ્રેશન તથા વેરીફીકેશન પૂર્ણ કરાવેલ ઉમેદવારોની પરીક્ષા લેવાનું શરૂ કરવામાં આવેલ છે.

૪. પરીક્ષાનું પરિણામ તથા તેનું નોટીફીકેશન ઉમેદવારના લોગીન આઇ.ડી.માં તથા યુનિવર્સિટીની વેબસાઇટ પર મૂકવામાં આવે છે. સાથે પરીણામના વેરીફીકેશનની લીંક પણ યુનિવર્સિટીની વેબસાઇટ પર મૂકવામાં આવેલ છે જેને આધારે ઉમેદવાર પોતાના પરીણામનું વેરીફીકેશન પોતાની સંસ્થા દ્વારા દર્શાવેલ લીંક પર જઇ પોતાના પ્રમાણપત્રની ખરાઇ કરાવી શકે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે.

૫. ઓનલાઇન સર્વર બેઇઝ પ્રોસેસ તથા વેબ કેમેરાની નિગરાની હેઠળ સદર પરીક્ષા લેવામાં આવતી હોઇ પરીણામનું રીએસેસમેન્ટ કે રીચેકીંગ કરવામાં આવતું નથી. વધુમાં માર્કશીટનું ફીઝીકલ વેરીફીકેશન રૂબરૂ કે ટપાલ દ્વારા શક્ય ન હોઇ ફક્ત દર્શાવેલ લીંક પર જઇને વિદ્યાર્થીઓએ પોતાના પરિણામનું ઓનલાઇન વેરીફીકેશન કરાવવાનું રહેશે.

૬. પરીક્ષા અંગેના તમામ પરીપત્રો, અભ્યાસક્રમ, રજીસ્ટ્રેશન, વેરીફીકેશન, પરીક્ષાલક્ષી તમામ માહિતી જેવી કે પરીક્ષાર્થીઓની યાદી, પરીક્ષા કાર્યક્રમ, તમામ સૂચનાઓ, હોલટીકીટ, પરિણામની કોપી, નોટીફીકેશન, હાજરીપત્રક વગેરે માહિતી યુનિવર્સિટીની વેબસાઇટ www.ngu.ac.in પર ક્રમાનુસાર મૂકવામાં આવેલ છે.

ખાસનોંધ : રજીસ્ટ્રેશન કરાવનાર તમામ કર્મચારી મિત્રોને ખાસ સૂચના કે, તેઓ યુનિવર્સિટીની વેબસાઇટ અવશ્ય જોઇ, મૂકેલ તમામ સૂચનાઓ ધ્યાથી વાંચી લે. તમામ પરીક્ષાલક્ષી પ્રોસેસ ઓનલાઇન હોઇ ટેલીફોનીક સંપર્ક આવકાર્ય નથી. ઉપરોક્ત તમામ નિયમો તથા બાબતોની જાણ પણ રાજ્ય સરકારને કરવામાં આવેલ છે જે ધ્યાને લેવી.

હેલ્પ સેન્ટર : Admission Cell (Government CCC Exam), Department of Mathematics Hemchandracharya North Gujarat University, Patan-384265. સમય ફક્ત દર શનિવારે : (જાહેર રજાઓ સિવાય).

બપોરના ૧૨ થી ૨.

# કૉલેજ ન્યુઝ

## એન.એસ.એસ.

✻ લોકનિકેતન મહાવિદ્યાલય, રતનપુરના એન.એન.એસ. વિભાગ દ્વારા તા. ૦૨-૦૩-૨૦૧૭ થી તા. ૦૮-૦૩-૨૦૧૭ સુધી પાલનપુર તાલુકાના નળાસર (ગો.) ગામે વાર્ષિક ગ્રામોત્થાન શિબિર યોજાઇ. જેમાં ૪૦ સ્વયંસેવકો શિબિરમાં જોડાયા હતાં. સ્વયંસેવકો દ્વારા પ્રાર્થના, પ્રભાતફેરી, યોગાસન, પ્રાણાયામ, ગ્રામ સફાઇ, શ્રમદાન, રક્તદાન, ભીંતસૂત્ર, આકાશદર્શન, પશુ સારવાર કેમ્પ, અભિનયગીત, બાળગીત, રમતોત્સવ, મહિલા સંમેલન, ડાયાબિટીસ અને બ્લડપ્રેશર તપાસ, બાળ ફિલ્મ, બાળમેળો, દાંત તપાસ, વ્યસનમુક્તિ અભિયાન, આપત્તિ નિવારણ, વ્યાખ્યાન અને સાંસ્કૃતિક કાર્યક્રમ જેવી વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવી.

✻ શ્રી બાબુલાલ પૂનમચંદ શાહ વિદ્યાસંકુલ સંચાલિત શ્રીમતી આર. એમ. પ્રજાપતિ આર્ટ્સ કોલેજ, સતલાસણાના રાષ્ટ્રીય સેવા યોજનાના ઉપક્રમે રેડક્રોસ સોસાયટી, અમદાવાદ દ્વારા બી.એ. સેમ-૧માં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓનો થેલેસેમિયા ટેસ્ટ તા. ૧૫-૩-૨૦૧૭ના રોજ કરવામાં આવ્યો હતો.

✻ વિશ્વમંગલમ કેળવણી મંડળ, હિંમતનગર સંચાલિત મહિલા આર્ટ્સ કોલેજ, વિદ્યાનગરી, હિંમતનગરમાં એન.એસ.એસ. અને સેવા સામુદાયિકધારાના સંયુક્ત ઉપક્રમે અમદાવાદની રેડક્રોસ સોસાયટીના સહયોગથી કોલેજની વિદ્યાર્થીઓ માટે થેલેસેમીયા ચેકઅપ કેમ્પ યોજાયો હતો. વક્તાશ્રી જયેશ સોલંકીએ થેલેસેમીયાના રોગ અને તેના બચાવ વિશે માર્ગદર્શન આપ્યું હતું. કેમ્પમાં ૧૭૦ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો.

## ઉજવણી

✻ એમ.પી.શાહ એજ્યુકેશન સોસાયટી, કડી સંચાલિત મણિબેન એમ.પી.શાહ મહિલા આર્ટ્સ કોલેજ, કડીમાં તા. ૦૮-૦૩-૨૦૧૭ના રોજ ‘‘આંતરરાષ્ટ્રીય મહિલાદિન’’ની ઉજવણી કોલેજના વુમન ડેવલપમેન્ટ સેલ અંતર્ગત કરવામાં આવી. કાર્યક્રમમાં ગાંધીનગરથી રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા તેમજ સ્વીમીંગ કોચ તરીકે સેવા આપતા શ્રીમતી અંજનાબેન પટેલે વિદ્યાર્થિનીઓને જીવનમાં સાહસિક્તા કેળવી પુરુષાર્થ દ્વારા ધ્યેયની પ્રાપ્તિ કરી શકાય છે તેની સમજ આપી હતી. વ્યક્તિત્વવિકાસ માટે શ્રીમતી ગાયત્રીબેન ત્રિવેદી અને શ્રીમતી જ્યોતિબેન સોનીએ વિદ્યાર્થિનીઓને ઘેર બેઠા બિઝનેસ કરી કઇ રીતે કમાણી કરી શકાય તે અંગેની માહિતી આપી હતી. કોલેજની મહિલા અધ્યાપિકાઓએ પ્રેરણાદાયી વક્તવ્ય આપ્યું તથા કોલેજ દ્વારા ફરજ પરની તમામ મહિલાઓનું આ પ્રસંગે સન્માન કરવામાં આવ્યું હતું. આંતરરાષ્ટ્રીય મહિલાદિનના આ વર્ષનો વિષય "Be Bold for Change" ના ધ્યેયને ચરિતાર્થ કરવા માટે પ્રિ. ડૉ. હિનાબેને ‘‘સ્ત્રીસશક્તિકરણ’’ પર વક્તવ્ય આપ્યું. ડૉ. સંગીતાબેન આચાર્યએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

✻ તા. ૦૮-૦૩-૨૦૧૭ના રોજ બી.કે. મર્કેન્ટાઇલ બેંક લૉ કોલેજ દ્વારા ‘મહિલા દિન’ની ઉજવણી કરેલ. જેમાં લૉ કોલેજની વિદ્યાર્થિનીઓએ જીજામાતા, એકતા કપૂર, સુધાચંદ્રન, ઇન્દિરા ગાંધી, મલાલા, સાવિત્રીબાઇ ફૂલે અને કિરણ બેદીની ભૂમિકા ભજવી હતી. તેમજ ૧૫ માર્ચ ‘‘ગ્રાહક સુરક્ષા દિન’’ની ઉજવણી નિમિત્તે તા. ૧૦-૦૩-૨૦૧૭ના રોજ એક દિવસીય ‘‘ગ્રાહક જાગૃત્તિ’’નો કાર્યક્રમ રાખવામાં આવેલ. કાર્યક્રમમાં શ્રી રમેશ કોઠારી (ઉપાધ્યક્ષ, બ.કા. ગ્રાહક સુરક્ષા મંડળ), શ્રી મહેતા પૂર્ણિમા (મંત્રી, ગ્રાહક સુરક્ષા મંડળ), શ્રી એમ.એ. મીર (મદદનીશ, ગ્રાહક સુરક્ષા અધિકારી) અને શ્રી આઇ.જી. દેસાઇ (ઇન્સ્પેક્ટર, તોલમાપ અને ગ્રાહક સુરક્ષા અધિકારી) હાજર હતા. મહેમાનોના વ્યાખ્યાન બાદ વિદ્યાર્થીઓ દ્વારા પ્રશ્નોત્તરી કરવામાં આવી હતી.

## કાર્યક્રમ

✻ બી.કે. મર્કેન્ટાઇલ બેંક લૉ કોલેજ, પાલનપુરમાં તા. ૧૫ માર્ચ, ૨૦૧૭ના રોજ મૂટકોર્ટ ખંડમાં કેદીઓના માનવ અધિકાર વિષય પર મોકટ્રાયલ કરવામાં આવી હતી.

✻ શ્રી સાર્વજનિક ફાર્મસી કૉલેજ, મહેસાણા ખાતે તા. ૩૦-૩-૧૭ના રોજ ‘પંચામૃત ૨૦૧૭’ કાર્યક્રમ યોજાયો. પાંચ અમૃતો તરીકે તેજસ્વી તારલાઓને ઇનામ વિતરણ, વાલી સંમેલન, ભૂતપૂર્વ વિદ્યાર્થી સંમેલન, સ્નાતક અને અનુસ્નાતક વિદ્યાર્થી વિદાય સમારંભ તથા સાંસ્કૃતિક યોજાયો.

## કેમ્પસ ઈન્ટરવ્યું

✻ તા. ૧૧મી માર્ચ, ૨૦૧૭ના દિને કારકિર્દી માર્ગદર્શન સેમિનાર અને રોજગાર ભરતીમેળાનું આયોજન એમ.એમ. ચૌધરી આર્ટ્સ કોલેજ, રાજેન્દ્રનગર ખાતે જિલ્લા રોજગાર કચેરી, હિંમતનગરના સહયોગથી રાખવામાં આવેલ. રોજગાર કચેરીના કેરીયર કાઉન્સેલરશ્રીઓએ વિદ્યાર્થીઓને કારકિર્દીનું તથા પ્રાઇમ મેન પાવર સપ્લાય એન્ડ મેનેજમેન્ટ પ્રા.લિ. અને આઉટરીચ ફસ્ટ વોડાફોન, કંપનીના પ્રતિનિધિઓએ નોકરી અંગે માર્ગદર્શન પૂરું પાડેલ. ૬૦ વિદ્યાર્થીઓ નોકરી માટે પસંદગી પામ્યા હતા.

✻ તા. ૨૦-૦૩-૨૦૧૭ના રોજ શ્રી અને શ્રીમતી પી.કે. કોટાવાલા આર્ટ્સ કોલેજ, પાટણના ઉપક્રમે એક રોજગાર ભરતી મેળાનું આયોજન કરાયું હતું, જેમાં ૪૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ચેકમેટ સિક્યોરીટીસ અને શિવશક્તિ બાયોટેક કંપનીના પ્રતિનિધીઓએ વિદ્યાર્થીઓના ઇન્ટરવ્યું લઇ કુલ ૨૫ જેટલા વિદ્યાર્થીઓની પસંદગી કરેલ હતી.

✻ લોકનિકેતન મહાવિદ્યાલય, રતનપુરમાં તા. ૨૪-૦૩-૨૦૧૭ના રોજ બાયફ ઇન્સ્ટીટ્યુટ ફોર સસ્ટેનેબલ લાઇવલીહુડ એન્ડ ડેવલપમેન્ટ, વડોદરા દ્વારા એ.આઇ. ટેકનીશિયનની જગ્યા માટે કેમ્પસ ઇન્ટરવ્યું યોજાયું. જેમાં લોકનિકેતન બી.આર.એસ.ના ૯ ભાઇઓ અને કોલેજના ૨ ભાઇઓની પસંદગી થઇ હતી.

## ગૌરવ

શ્રી સાર્વજનિક ફાર્મસી કૉલેજ, મહેસાણાના બી.ફાર્મ સેમ-૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થી રવિ પંડ્યા અને કૃપલ ત્રિવેદી અરિહંત ઇન્સ્ટીટ્યુટ ઓફ ફાર્મસી, અમદાવાદ ખાતે યોજાયેલ જીટીયુ ટેક ફેસ્ટ-૨૦૧૭માં ફાર્મા મોડેલ પ્રેઝન્ટેશનમાં તૃતીય ક્રમ મેળવી કૉલેજને ગૌરવ અપાવેલ છે.

## પ્રદર્શન

શ્રી સાર્વજનિક કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એ.એસ. ચૌધરી મહિલા આર્ટ્સ એન્ડ હોમ સાયન્સ કોલેજ, મહેસાણાના મનોવિજ્ઞાન વિભાગના વિદ્યાર્થિનીઓએ મનોવિજ્ઞાનના વિવિધ વિષયો પર તૈયાર કરેલા પ્રોજેક્ટસનું પ્રદર્શન તા. ૦૯-૦૩-૨૦૧૭ના રોજ યોજાયું. તેમજ તા. ૧૧-૦૩-૨૦૧૭ના રોજ કોલેજના ફેશન ડિઝાઇનીંગ, ક્લોથીંગ એન્ડ ટેક્ષટાઇલ વિષયની વિદ્યાર્થિની બહેનો દ્વારા ડિઝાઇન કરેલ વસ્ત્રોનો ફેશન શો યોજાયો હતો.

## પી.એચ.ડી.

આર્ટ્સ કોલેજ, વડાલીના પ્રા. મનુભાઇ ડી. પરમારે 'कुमारसम्भवस्य श्रीविजयगणिकृतायाः सुबोधिकाटीकायाः पाठालोचना साहित्यालोचना च।' વિષય પર ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના ભાષા સાહિત્ય ભવનના નિવૃત્ત નિર્દેશક તથા પૂર્વ સંસ્કૃત વિભાગાધ્યક્ષ ડૉ. વસંતકુમાર મ. ભટ્ટના માર્ગદર્શન હેઠળ પી.એચ.ડી.ની પદવી પ્રાપ્ત કરેલ છે.

## વાર્ષિકોત્સવ

* વિશ્વમંગલમ કેળવણી મંડળ, હિંમતનગર સંચાલિત મહિલા આર્ટ્સ કોલેજ, વિદ્યાનગરી, હિંમતનગરમાં તા. ૧૮-૦૩-૨૦૧૭ના રોજ બી.એ.ની વિદ્યાર્થિનીઓનો વિદાય-પ્રતિભા સન્માન કાર્યક્રમ યોજાયો હતો. વિવિધ ક્ષેત્રે ઉમદા પ્રદર્શન કરનાર તેજસ્વી પ્રતિભાઓને શિલ્ડ પ્રમાણપત્ર આપવામાં આવેલ તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમો પણ વિદ્યાર્થીઓ દ્વારા રજુ થયા હતા.




* અરવલ્લી વિદ્યાભવન ટ્રસ્ટ સંચાલિત ડી.ડી. ઠાકર આર્ટ્સ અને કે.જે. પટેલ કોમર્સ કોલેજ, ખેડબ્રહ્મામાં વિદ્યાર્થી પરિષદ સમિતિના ઉપક્રમે તા. ૨૦-૦૩-૨૦૧૭ના રોજ પૂજ્ય દેવીશ્રી ચંદુબા, (અંબિકા ચંદ્રનિકેતન ટ્રસ્ટ, ગઢશીશા મંદિર, કચ્છ) પ્રોફે. બી.એ. પ્રજાપતિ (કુલપતિશ્રી, હેમ.ઉ.ગુજ.યુનિ., પાટણ)ના અધ્યક્ષસ્થાને પારિતોષિક વિતરણ, વાર્ષિકોત્સવ અને વિદાય સમારંભ યોજાઇ ગયો. શૈક્ષણિક વર્ષ ૨૦૧૬-૧૭ દરમિયાન સંસ્થામાં થયેલ વિવિધ પ્રવૃત્તિઓ તથા સંસ્થાના પ્રાધ્યાપકો તેમજ વિદ્યાર્થીઓએ પ્રાપ્ત કરેલ વિવિધ સિદ્ધિનો ચિતાર આપતો અહેવાલ ડૉ. બ્લોચે રજુ કર્યો હતો. વિદાય લેતાં વિદ્યાર્થીઓના પ્રતિનિધિ તરીકે તરાલ સૂર્યાવતી (બી.કોમ. સેમ-૬) તથા દશરથપરમાર (ગુજરાતી, એમ.એ. સેમ-૪)એ પોતાનો પ્રતિભાવ આપ્યા હતા. વર્ષના શ્રેષ્ઠ સક્રિય વિદ્યાર્થી તરીકે ખૈર શંકરભાઇ આર. (અર્થશાસ્ત્ર, બી.એ. સેમ-૬) અને ચૌધરી જીનેશી એમ. (અંગ્રેજી, બી.એ. સેમ-૬)ને તથા શ્રેષ્ઠ સેવક તરીકે અસારી વનરાજભાઇ કે. ને સન્માનવામાં આવ્યાં હતાં. ગ્રંથાલય વિભાગ તરફથી 'શ્રેષ્ઠ ગ્રંથાલયવાચક' તરીકેનું સન્માન રાઠોડ ચિંતન આર. (બી.એ. સેમ-૪)ને અપાયું હતું.

* શ્રીમતી એ.એસ. ચૌધરી મહિલા આર્ટ્સ એન્ડ હોમ સાયન્સ કોલેજનો સાંસ્કૃતિક કાર્યક્રમ ''ઝણકાર'' ફેશન શો તેમજ પારિતોષિક વિતણ અને સમાવર્તન સમારોહ તા. ૧૦ અને ૧૧મી માર્ચ, ૨૦૧૭ના રોજ યોજાયો. સાંસ્કૃતિક કાર્યક્રમમાં વિદ્યાર્થિનીઓએ ફિલ્મી ગીત, સમૂહનૃત્ય, નાટક, સોલોડાન્સ રજૂ કર્યા હતા. સમારોહના અધ્યક્ષ માનદ્‌મંત્રીશ્રી દિલીપભાઇ ચૌધરીએ, શ્રીશરદભાઇ વ્યાસે, શ્રી મિલનભાઇ ચૌધરીએ વિદ્યાર્થિનીઓને ઉજ્જવળ ભાવિ માટે પ્રોત્સાહિત કરી હતી.



* શ્રી એમ.પી. શાહ એજ્યુકેશન સંચાલિત સી.એન. આર્ટ્સ એન્ડ બી.ડી. કોમર્સ કોલેજ, કડીમાં તા. ૨૨ માર્ચ, ૨૦૧૭ના રોજ ૫૪મો વાર્ષિકોત્સવ અને ઇનામ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં વર્ષ દરમ્યાન વિશેષ સિદ્ધિ મેળવનાર વિદ્યાર્થીઓને વિશેષ સન્માન આપવામાં આવ્યું હતું તેમજ વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ પણ કરવામાં આવ્યો હતો.

* તા. ૨૩-૦૩-૨૦૧૭ના રોજ પાલનપુરની એમ.એ.પરીખ ફાઇન આર્ટ્સ એન્ડ આર્ટ્સ કૉલેજના વિદ્યાર્થીઓ દ્વારા ''વાર્ષિકોત્સવ'' તથા સેમ-૬માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓનો ''વિદાય સમારંભ'' યોજવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓએ ગીત, સંગીત, નૃત્ય, નાટક દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમોની રજૂઆત કરી હતી. કોલેજના પ્રિ. ડૉ. રમેશ બી. પટેલે વિદાય લેતા વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી. વિદ્યાર્થીઓએ પણ પોતાના પ્રતિભાવો આપ્યા હતા.

* શ્રી સત્સંગી સાકેતધામ ''રામ આશ્રમ'' શૈક્ષણિક સંકુલ વડસ્મા બી.એડ્. કોલેજમાં તા. ૨૯-૦૩-૨૦૧૭ના રોજ વાર્ષિકોત્સવ અને સન્માન સમારોહનું આયોજન કરાવમાં આવ્યું હતું. સમારોહના અધ્યક્ષ શ્રી આત્મારામ એમ. પરમારે, (મંત્રીશ્રી સામાજીક ન્યાય અને અધિકારીતા અનુસુચિત જાતીઓનું કલ્યાણ




સહિત, મહિલા બાળ કલ્યાણ વિભાગ) તાલીમાર્થીઓને સાચો શિક્ષક અને સાચા વિદ્યાર્થીની સમાજમાં શું સ્થિતિ છે તેના વિશે સમજ આપી હતી તેમજ મુખ્ય મહેમાન તરીકે પ્રો. ડૉ. બી.એ. પ્રજાપતિ (કુલપતિ, હેમ.ઉ.ગુજ.યુનિવર્સિટી) તેમણે તાલીમાથઓિને ભવિષ્યમાં શિક્ષક તરીકે કઈ રીતે કાર્ય કરવું તેનું માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. કૉલેજના બેસ્ટ તાલીમાર્થીનો એવોર્ડ પટેલ ધારા અને બોરસા યોગેશને આપવામાં આવ્યો હતો.

## વિદાય સમારંભ

❊ વી.આર. પટેલ કોલેજ ઓફ કોમર્સ, મહેસાણા ખાતે તા. ૧૬ માર્ચ, ૨૦૧૭ના રોજ બી.કોમ્. સેમ-૬ અને એમ.કોમ. સેમ-૪ના વિદ્યાર્થી ભાઈ-બહેનોનો અને વયનિવૃત્ત થતા શારીરિક શિક્ષણના અધ્યાપક ડૉ. જી.યુ. રાજપૂતનો વિદાય સમારંભ યોજાયો હતો.

❊ મહર્ષિ દયાનંદ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, બાસ્પામાં તા. ૨૧-૩-૨૦૧૭ના રોજ બી.એ., બી.કોમ. તથા બી.એડ્. કોલેજના વિદ્યાર્થીઓનો સંયુક્ત વિદાય સમારંભ યોજાયો. વિદ્યાર્થીઓનો રંગારંગ કાર્યક્રમ અને વાર્ષિક પ્રવૃત્તિના પ્રદર્શનનું આયોજન કરાયું હતું.

❊ એમ.પી. શાહ એજ્યુકેશન સોસાયટી, કડી સંચાલિત મણિબેન એમ.પી. શાહ મહિલા આર્ટ્સ કોલેજ, કડીમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૬-૧૭ દરમ્યાન થયેલ વિવિધ પ્રવૃત્તિઓ અને સ્પર્ધાઓમાં વિજેતા વિદ્યાર્થિનીઓનો ઇનામ વિતરણ તેમજ બી.એ. સેમ-૬ અને એમ.એ. સેમ-૪ની વિદાય થઈ રહેલ વિદ્યાર્થિનીઓનો વિદાય સમારંભ યોજાયો હતો.

## વ્યાખ્યાન

❊ તા. ૧૫-૦૩-૨૦૧૭ના રોજ લોકનિકેતન મહાવિદ્યાલય, રતનપુરમાં ઉચ્ચ અભ્યાસ અંગે માર્ગદર્શન વ્યાખ્યાન યોજાયું. ગણપત યુનિવર્સિટી, ખેરવા સંલગ્ન અને દૂરડા, મહેસાણા સંચાલિત કંકુબા પશુપાલન વિદ્યાપીઠ, ખેરવાના એક્ઝીક્યુટીવ ડાયરેક્ટર ડૉ. મણીભાઇ અમીન, આચાર્યશ્રી બીપીનભાઇ પટેલ તથા નારદીપુર બી.આર.એસ. કોલેજના અધ્યાપક શ્રી ગોવિંદભાઇએ પશુપાલન વિદ્યાપીઠના ડીપ્લોમાં કોર્ષના ધ્યેય, અભ્યાસના વિષયો, ઉપયોગીતા, નોકરીની સંભાવના, કોર્ષની ફી, સ્કોલરશીપ, ફિલ્ડવર્ક, પગાર વગેરે અંગે માર્ગદર્શન આપ્યું હતું.

❊ તા. ૨૧-૦૩-૨૦૧૭ના રોજ પાલનપુરની એમ.એ. પરીખ ફાઇન આર્ટ્સ એન્ડ આર્ટ્સ કોલેજમાં યુનિવર્સિટી કક્ષાનું વ્યાખ્યાન યોજાઇ ગયું. જેનો વિષય હતો. ''ગુજરાતી રંગભૂમિ : આજ અને કાલ'' વક્તા તરીકે અમદાવાદની એચ.કે. આર્ટ્સ કોલેજના પ્રિન્સીપાલ, ડૉ. સુભાષ બ્રહ્મભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ગુજરાતના જાણીતા ત્રણ સાહિત્યકારોના તાજેતરમાં થયેલા અવસાન નિમિત્તે બે મિનિટનું મૌન પાળીને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. તેમજ તા. ૨૧-૦૩-૨૦૧૭ના રોજ કોલેજમાં ''ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ'' યોજાયો હતો. વક્તાશ્રી ડૉ. સુભાષ બ્રહ્મભટ્ટે અધ્યાપકશ્રીઓને ''રોલ એન્ડ રિસ્પોન્સીબીલીટી ઓફ ટીચર'' વિષય ઉપર ચર્ચા કરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

## સેમિનાર

❊ એમ.પી. શાહ એજ્યુકેશન સોસાયટી, કડી સંચાલિત મણિબેન એમ.પી. શાહ મહિલા આર્ટ્સ કોલેજ, કડીના અર્થશાસ્ત્ર વિભાગ દ્વારા 'અંદાજપત્ર ૨૦૧૬-૧૭ - એક આર્થિક વિશ્લેષણ' તેમજ 'નાણાનું વિમુદ્રીકરણ અને તેની આર્થિક અસરો' વિષયો પર તા. ૧૫ માર્ચ, ૨૦૧૭ના રોજ એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અર્થશાસ્ત્ર વિષયની ૯૧ વિદ્યાર્થિની બહેનોએ રિસર્ચ પેપર પ્રેઝન્ટેશન કર્યું હતું. આ બંને વિષયો પર વક્તવ્ય આપ્યા હતા.

❊ તા. ૧૮-૦૩-૨૦૧૭ના રોજ મ્યુનીસીપલ આર્ટ્સ એન્ડ અર્બન સાયન્સ કોલેજમાં કેરિયર ડેવલમેન્ટ સેમિનારનું આયોજન કરવામાં આવેલ. કાર્યક્રમમાં કેરિયર ડેવલપમેન્ટ એકેડેમી-નરોડાના શ્રી પ્રફુલભાઇ ગઢવીએ વિદ્યાર્થીઓની કારકિર્દી ડેવલમેન્ટ માટેની તેમજ જીપીએસસીના નવા અભ્યાસક્રમની ચર્ચા કરેલ. તેમજ સ્પીપાના ડેપ્યુટી સેક્રેટરી શ્રી બી.વી. નાયકે સ્પીપા તેમજ મહેસાણા શહેરના સ્પીપા કેન્દ્ર અંગેની માહિતી આપેલ.



❊ અરવલ્લી વિદ્યાભવન ટ્રસ્ટ, ખેડબ્રહ્મા સંચાલિત ડી.ડી. ઠાકર આર્ટ્સ એન્ડ કે.જે. પટેલ કોમર્સ કોલેજમાં 'આનર્ત ગુજરાતીના અધ્યાપક સંઘ'નું ૧૬મું વાર્ષિક અધિવેશન તા. ૨૫-૦૩-૨૦૧૭ના રોજ યોજાયું. અધિવેશનમાં ગુજરાતી વિષયમાં પીએચ.ડી. થનાર, પી.એચ.ડી.ના માર્ગદર્શક બનનાર તેમજ વિશિષ્ટ ઉપલબ્ધિ મેળવનાર અધ્યાપકોનું મહેમાનશ્રીઓના હસ્તે બહુમાન કરવામાં આવ્યું હતું. અધિવેશનમાં વિવિધ કોલેજના અધ્યાપકોએ નવીન કૃતિઓ વિશે અભ્યાસમૂલક વક્તવ્યો રજૂ કર્યા હતા. આ ઉપરાંત જાણીતા સાહિત્યકાર શ્રી પ્રફુલ્લ રાવલ (નિબંધકાર-ચરિત્રકાર) અને શ્રી રાજેન્દ્ર પટેલે (કવિ-વાર્તાકાર) ટૂંકીવાર્તા અને લલિતનિબંધ વિશે પોતાના વિચારો રજુ કર્યા હતાં. તેમજ સંઘનો માહિતીકોશ તથા વિદ્યાર્થી-અધ્યાપક ઉપયોગી ગ્રંથોનું વિમોચન કરવામાં આવ્યું હતું. અધિવેશનના અંતે નવા હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી.

## “આનર્તની અસ્મિતાનું ગીત”

જય હો ધન્ય ધરા આનર્ત તણી
જ્યાં ગીત ગુર્જરી તણાં ગવાણાં
સિદ્ધ-હેમ તણી કલમે દુહામાં
અહીં ગણેશ ગુર્જરી તણા મંડાણા
જય હો ગુર્જર ભૂમિ ગુજરાતની
કુંવારિકા સરસ્વતી વહેતી જે ધરામાં
જ્યાં સહસ્ત્રલિંગ શિવતણાં પૂજાણાં
સૂર્યની પૂજા થાય છે સદીઓથી અહીં
સૂર્યમંદિર મોઢેરામાં બંધાણાં
જય હો ગુર્જર ભૂમિ ગુજરાતની
રાણી તણી વાવમાં, શિલ્પો ગીતો ગાય છે
પટોળાં પાટણ તણાં, વિશ્વમાં પંકાણાં
કવિ ભાલણને વિશ્વનાથની ભૂમિ પર,
બીજ આખ્યાનનાં, અહીં રોપાણાં
જય હો ગુર્જર ભૂમિ ગુજરાતની
પદ્મનાથકવિની આ તામ્રનગરી
જયશંકર સુંદરીથી અભિનયનાં તેજ પથરાણાં
સિદ્ધભૂમિ ભવાઈની, જન્મદાત્રી અસાઈતની
વેશ ભવાઈ તણા અહીં ભજવાણાં
જય હો ગુર્જર ભૂમિ ગુજરાતની
વડુનગર પ્રાચીન રાજધાની આનર્તતણી
તાનારીરીની ભૂમિ પર, કીર્તિ તોરણ કોરાણાં
શિલ્પ, સંગીતને અભિનયના ડંકા વાગે દેશમાં
જ્ઞાનીકવિ અનવરતણાં સૂફીગીત ગવાણાં
જય હો ગુર્જર ભૂમિ ગુજરાતની
ચુંવાળમાં મા બહુચરી ને અરવલ્લીમાં મા અંબા,
ગબ્બડ તણા ગોખે તમે પૂજાણાં
શામળીયો ભગવાન વસે શામળાજીમાં
તમે કાળિયા ઠાકોર કહેવાણા
જય હો ગુર્જર ભૂમિ ગુજરાતની
ગીત-ગઝલને નજમમાં મોતીપાકે જ્યાં
સૈફ, શૂન્ય, મુસાફિરને બક્ષી પાલનપુરી કહેવાણાં
આનર્તના ઉમાશંકર, પન્નાલાલને રઘુવીરને
જ્ઞાનપીઠના સન્માનથી પોખાંણા
જય હો ગુર્જર ભૂમિ ગુજરાતની
ઊંઝામાં મા ઉમા ભવાનીને, વીર મગરવાડીયો
સરહદે મા નડેશ્વરી છાવણીમાં છવાણાં
બનાસને મહેસાણાથી ગંગા વહે છે દૂધની
સલામ છે સપૂતોને તમે લશ્કરમાં જોડાણાં
જય હો ગુર્જર ભૂમિ ગુજરાતની
ધરોઇ, તારંગા, મધુપુરીને ગઢ ઇડરિયો
મલ્હારરાવને રણમલ્લતણા છંદ રચાણાં
મહેશ-નરેશને ઉપેન્દ્ર-અરવિંદની જોડી
સિનેમા જગતમાં અભિનયથી ઓળખાણા
જય હો ગુર્જર ભૂમિ ગુજરાતની
વનરાજ-ચાંપો, અણહિલને વીર માચો
ઉદયમતિ, મિનળને જસમા તણા ગુણ ગવાણાં
વંદન કરું કુમારપાળને સિદ્ધ-હેમની આ ભૂમિને
તેજ આનર્ત ગુર્જરી તણાં વિશ્વમાં પંકાણાં
જય હો ગુર્જર ભૂમિ ગુજરાતની

**પ્રોફે. રમેશ બી. શ્રીમાળી “રબ”**
અધ્યક્ષ - ગુજરાતી વિભાગ
આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, વિસનગર.

## વિજ્ઞપ્તિ

આપના અનુસ્નાતક વિભાગ તથા કૉલેજમાં યોજવામાં આવતી વિવિધ પ્રકારની શૈક્ષણિક પ્રવૃત્તિઓ અને અધ્યાપકો-વિદ્યાર્થીઓએ મેળવેલ વિશિષ્ટ સિદ્ધિઓની અદ્યતન માહિતીની ટૂંકીનોંધ કાગળની એક જ બાજુએ ટાઇપ કરેલ (શક્ય હોય તો ફોટો સહિત) ‘ઉદીચ્ય’માં પ્રસિદ્ધ કરવા માટે નીચે દર્શાવેલ સરનામે મોકલી આપવા વિનંતી.

ડૉ. નિલેષ એ. પટેલ-કાર્યકારી ગ્રંથપાલ
શિવાભાઈ ઉમેદભાઈ પટેલ ગ્રંથાલય
હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી,
ટી.બી. રોડ, પાટણ - ૩૮૪૨૬૫. મો. ૯૮૯૮૧ ૩૩૨૭૫
ઇ-મેઇલ : udichyahngu@gmail.com

## સબરસ

યમરાજ : બોલ મનુષ્ય! તું ક્યાં જવા ઇચ્છે છે ? સ્વર્ગમાં કે નર્કમાં ?

મનુષ્ય : પ્રભુ પૃથ્વી પરથી મારો મોબાઇલ અને ચાર્જર મંગાવી આપો, હું ગમે ત્યાં સેટ થઇ જઇશ.

HNGU
HEMCHANDRACHARYA NORTH GUJARAT UNIVERSITY, PATAN

**Hemchandracharya North Gujarat University, Patan**
P.B.21, University Road, Patan-384265, Tel: +91-2766-222744, 220932, Fax: +91 - 2766-231917, Visit us at : www.ngu.ac.in

**Editor : Dr. Nilesh Patel** (I/c University Librarian), **Dr. Bharat Solanki**
**Published by : Dr. D.M.Patel,** I/c Registrar
Design by : Bhaskar Goswami
Printed by : **Vinod Printery,** Nr. Three Gate, **Patan.** • Mo. 9898576011
R.N.I. No. 48820/90, Valid up to 31-12-2017, Posting Reg. No. G/PTN/42, Office of Posting : PATAN H.P.O.